# મહેશબાબુને પ્રભાસની જેમ 'પેન ઇન્ડિયા' સ્ટાર બનવાની તક મળી!

ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

ફિલ્મ 'બાહુબલી' અને 'RRR'ના સર્જક નવી ફિલ્મ લાવવાના હોય ત્યારે ઉત્સુકતા વધી જાય એ સ્વાભાવિક છે. નિર્દેશક S.S. રાજામૌલી અને મહેશ બાબુની ફિલ્મ 'વારાણસી'ના ટીઝરને જાહેર કરવામાં આવ્યું છે. જે તેમની આજ સુધીની સૌથી મોટી ફિલ્મ હશે. ટીઝર તેના વિઝ્યુઅલ્સ અને ભવ્યતાને કારણે ખૂબ વખણાયું છે. તે રાજામૌલીની અગાઉની ફિલ્મોની જેમ જ વિશાળ અને શાનદાર લાગે છે, પણ કેટલાક દર્શકોને ચિંતા છે કે ફિલ્મમાં પૌરાણિક કથાઓ, સમય યાત્રા, એડવેન્ચર અને વિજ્ઞાનનું ખૂબ જ મોટું મિશ્રણ કરવામાં આવ્યું છે. આનાથી કદાચ વાર્તા જટિલ બની શકે અને સામાન્ય દર્શક માટે સમજવી મુશ્કેલ બની શકે અને અમુક દશ્યોમાં VFXનું કામ રાજામૌલીના સ્તરનું ન લાગ્યું હોવાનું કેટલાકે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે. મહેશ બાબુને તેના પાત્ર 'રૂદ્રા' તરીકે દર્શાવવામાં આવ્યો છે. એક સિનમાં તે બળદ પર સવાર થઈને ત્રિશૂળ લઈને આવતો જોવા મળે છે. તે ખૂબ જ પ્રભાવશાળી અને રોમાંચક છે.




અમુક લોકોએ કેટલાક દશ્યોમાં તેનો દેખાવ થોડો સાદો અથવા અપેક્ષા મુજબનો 'ભવ્ય' ન હોવાની વાત કરી છે. મહેશ બાબુની આખી કરિયરનો ગ્રાફ રાજામૌલીની ફિલ્મ 'વારાણસી' પર નિર્ભર છે. રાજામૌલીનો ટ્રેક રેકોર્ડ જોતા આ ફિલ્મ મહેશ બાબુને પ્રભાસ જેટલો જ અથવા તેનાથી પણ વધુ મોટો ગ્લોબલ સ્ટાર બનાવી શકે છે. મહેશ બાબુ અને પ્રભાસ બંને તેલુગુ સિનેમાના ખૂબ મોટા સુપરસ્ટાર્સ છે પરંતુ તેમની કરિયર અને લોકપ્રિયતાનો ગ્રાફ ખૂબ જ અલગ છે. મહેશ બાબુએ હજી સુધી જાણી જોઈને 'પેન-ઈન્ડિયા' ફિલ્મ કરી નથી. તેની ફિલ્મો સામાન્ય રીતે તેલુગુ બજારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. તેમ છતાં તેની ફિલ્મોનું હિન્દી ડબિંગ ખૂબ જોવાય છે. પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન પણ મુખ્ય ભૂમિકામાં છે. સમસ્યા એવી છે કે ફિલ્મનું બજેટ ખૂબ મોટું રૂ.1200 કરોડથી વધુનું હોવાની ચર્ચા છે. આટલા મોટા સ્કેલ પર જો વાર્તા થોડી પણ નબળી પડશે તો ફિલ્મની સફળતા પર મોટો પ્રશ્નાર્થ ઊભો થઈ શકે છે. કોઈપણ મોટી અને બહુપ્રતીક્ષિત ફિલ્મ હોય તો તેના વખાણની સાથે સાથે થોડી નકારાત્મક વાતો અને ટીકાઓ થવી સામાન્ય છે અને આ બધા ટીઝર પર આધારિત પ્રારંભિક પ્રતિભાવો છે. પણ રાજામૌલીની ફિલ્મો સામાન્ય રીતે તેમની શાનદાર વાર્તા રજૂઆત માટે જાણીતી છે એટલે એમનામાં વિશ્વાસ રાખી શકાય એમ છે.

# શેફાલી શાહનાં નામ પર 'દિલ્હી ક્રાઈમ સિઝન 3' જોઈ શકાય છે!

એ માનવું પડશે કે 'દિલ્હી ક્રાઈમ સિઝન 3' વેબસિરીઝ તેના અગાઉના એપિસોડ્સ જેટલી જોરદાર ભલે ના પણ હોય પરંતુ તે હજી ગંભીર અને વાસ્તવિક કેસ પર આધારિત મનુષ્ય તસ્કરી જેવી ભયાનક વાસ્તવિકતાને નિર્ભયતાથી રજૂ કરે છે. ગહન પોલીસ કાર્યવાહી અને પાવરફુલ પરફોર્મન્સ પસંદ હોય તો આ સિઝન ચોક્કસપણે જોવા જેવી છે. સિઝન 3 નેટફ્લિક્સ પરની દિલ્હી ક્રાઈમ ફ્રેન્ચાઈઝીના વારસાને આગળ વધારે છે પરંતુ તે પોતાના અગાઉના માપદંડો સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે. આ શો ગુનાને સનસનાટીભર્યો બનાવ્યા વિના સામાજિક ઉદાસીનતા અને વ્યવસ્થાના ભંગાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શેફાલી શાહ DCP વર્તિકા ચતુર્વેદી તરીકે હંમેશાની જેમ પ્રભાવશાળી છે. શેફાલી શાહે વર્તિકા ચતુર્વેદીના પાત્રને માત્ર એક પોલીસ અધિકારી તરીકે જ નહીં પણ એક માણસ તરીકે પણ જીવંત કર્યું છે. તેમનો અભિનય આખા શોને એક સતત ગુણવત્તા પ્રદાન કરે છે. અન્ય પાત્રો બદલાય કે વાર્તા બદલાય વર્તિકાનું પાત્ર દર્શકોને શો સાથે જોડી રાખે છે. હુમા કુરેશી વિરોધી પાત્ર 'બડી દીદી' તરીકે ખૂબ જ જોરદાર અને ભયાવહ અભિનય આપે છે. શેફાલી શાહ (પોલીસ) અને હુમા કુરેશી (તસ્કર) વચ્ચેનો સામનો આ સિઝનનો ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક મુખ્ય ભાગ છે. જે ખૂબ જ પાવરફુલ છે. એ સ્વીકારવું પડશે કે પહેલાની સિઝન જેવી તીવ્રતા નથી. પહેલી સિઝન ભયાનક નિર્ભયા ગેંગ રેપ કેસ પર આધારિત હતી. તેને વૈશ્વિક સ્તરે માન્યતા મળી હતી. તેણે આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડિંગ ડ્રામા સિરીઝ જીત્યો હતો. આ સન્માન જીતનાર તે પ્રથમ ભારતીય શો બન્યો હતો. જે તેની સૌથી મોટી લેગસી છે. બીજી સિઝન દિલ્હીમાં થયેલા વૃદ્ધોની હત્યા અને લૂંટના શ્રેણીબદ્ધ કેસ પર આધારિત હતી. તેણે ભારતીય ક્રાઈમ ડ્રામાને આંતરરાષ્ટ્રીય મંચ પર ઊંચો લાવ્યો છે. તે એક એવી સિરીઝ છે જે પોલીસની કાર્યવાહીની વાસ્તવિકતા, પાત્રોની જટિલતા અને સામાજિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતીય OTT કન્ટેન્ટના ઈતિહાસમાં આ સિરીઝ એક માઈલસ્ટોન ગણાય છે. હુમા કુરેશીનું પાત્ર ખૂબ જ મોટું વિલન હોવા છતાં ક્યારેક તેનું લેખન અન્ય OTT શો જેવું ફોર્મ્યુલા આધારિત લાગે છે. અંતિમ એપિસોડમાં નાટક પર વધુ પડતો ઝુકાવ બોલિવૂડ-શૈલીના ક્લાઈમેક્સ જેવો લાગે છે. જો અપેક્ષા રાખો કે તે સિઝન 1ની જેમ એમી એવોર્ડ જીતનાર સ્તરનો સીમાચિહ્નરૂપ અનુભવ આપશે તો તમે કદાચ થોડી નિરાશા અનુભવશો. તે શોના પાત્રોને આગળ વધારવામાં અને એક મહત્વપૂર્ણ ગુના પર પ્રકાશ પાડવામાં જરૂર સફળ થાય છે.



# મમદાની પછી હવે સૈકત ચક્રવર્તીનો વારો!

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

સૈકત ચક્રવર્તી કોણ છે? સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ સૈકત ચક્રવર્તીની સરખામણી ઝોહરાન મમદાની સાથે કરી છે, ખાસ કરીને તેમની પ્રચાર શૈલીને લઈને. હવે, 39 વર્ષીય સૈકત માટે અમેરિકન રાજકારણમાં પ્રવેશવાનો માર્ગ મોકળો છે. પણ કેવી રીતે?

ગયા અઠવાડિયે, જ્યારે ઝોહરાન મમદાની ન્યૂ યોર્કના મેયરની ચૂંટણી જીતી ત્યારે બીજા ભારતીય-અમેરિકન ડેમોક્રેટની આશાઓ પ્રજ્વલિત થઈ ગઈ હતી. આશા - અમેરિકન રાજકારણમાં એક સીમાચિહ્નરૂપ હાંસલ કરવાની. નેન્સી પેલોસીએ રાજકારણમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ત્યારે સૈકત ચક્રવર્તીની આશાઓ વધુ મજબૂત થઈ હતી. હવે, 39 વર્ષીય સૈકત માટે અમેરિકન રાજકારણમાં પ્રવેશવાનો માર્ગ એવું સમજો કે મોકળો થઈ ગયો છે.

નેન્સી પેલોસી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં સાન ફ્રાન્સિસ્કો બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય દૃષ્ટિએ તે સંસદ સભ્ય છે. તેણી લગભગ 40 વર્ષથી (1987થી) આ બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહી છે અને તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તે આગામી ચૂંટણી નહીં લડે. તેણીની જાહેરાતથી સાન ફ્રાન્સિસ્કો બેઠક ખાલી પડી છે, જેનાથી સૈકત માટે ડેમોક્રેટિક પાર્ટીનું નામાંકન મેળવવાનો માર્ગ મોકળો થયો છે.

મામદાનીની જેમ સૈકત પણ પ્રગતિશીલ નેતાઓની નવી પેઢીનો ભાગ છે જે જૂના ડેમોક્રેટિક આદર્શોને બદલવા માગે છે. સૈકત મામદાનીથી ખૂબ પ્રભાવિત છે. ઐતિહાસિક જીત બદલ અભિનંદન આપતા ચક્રવર્તીએ કહ્યું, ઝોહરાન મમદાનીએ સાબિત કર્યું છે કે તમારા વિરુદ્ધ ગમે તેટલા પૈસા ફેંકવામાં આવે, તેનાથી કોઈ ફરક પડતો નથી. તમે વાસ્તવિક પરિવર્તન માટે ઊભા રહો તો લોકો પૈસાને પણ હરાવી શકે છે.



**યુએસ કોંગ્રેસના પાંચ ભારતીય-અમેરિકન સભ્યો અને રાજ્ય વિધાનસભાઓમાં લગભગ 40 ભારતીય-અમેરિકન સભ્યો છે, જે કોઈપણ એશિયન-અમેરિકન જૂથમાં સૌથી વધુ છે. શું ચક્રવર્તી યુએસ કોંગ્રેસમાં છઠ્ઠા ભારતીય-અમેરિકન બનશે?**

સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ સૈકતની સરખામણી મમદાનીની સાથે કરી છે, ખાસ કરીને તેમની પ્રચાર શૈલીઓ અંગે. બંનેની પ્રચાર પદ્ધતિઓ સમાન છે. મમદાનીની જેમ, ચક્રવર્તી પણ પોતાની અનોખી શૈલીથી ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. તે ઘરે ઘરે જાય છે, લોકોના દરવાજા ખટખટાવે છે, તેમને કહે છે કે જો તે જીતશે તો તે શું કરવાની યોજના ધરાવે છે. ચક્રવર્તીએનું કહેવું છે કે તેના 2,000 થી વધુ કાર્યકરોએ 40,000 થી વધુ દરવાજા અત્યાર સુધીમાં ખટખટાવ્યા છે.

સૈકત ચક્રવર્તીનો જન્મ અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં એક બંગાળી ઈમિગ્રન્ટ દંપતીને ત્યાં થયો હતો. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં ડિગ્રી મેળવી હતી અને પછી સાન ફ્રાન્સિસ્કો ગયા હતાં જ્યાં તેમણે એક ટેક સ્ટાર્ટઅપની સહ-સ્થાપના કરી હતી. બાદમાં તેઓ નાણાકીય સેવાઓ આપતી કંપની સ્ટ્રાઈપમાં જોડાયા હતાં.

અહેવાલો અનુસાર, રાજકારણમાં તેમનો પહેલો પ્રવેશ 2015માં થયો હતો, જ્યારે તેમણે સેનેટર બર્ની સેન્ડર્સના રાષ્ટ્રપતિ પ્રચારમાં કામ કરવા માટે ટેક ઉદ્યોગ છોડી દીધો હતો. જોકે સેન્ડર્સ જીતી શક્યા ન હતા, પરંતુ ચક્રવર્તીએ તેમના કાર્યથી ડેમોક્રેટ્સને પ્રભાવિત કર્યા હતા.

બે વર્ષ પછી તેમણે ભાગીદારીમાં જસ્ટિસ ડેમોક્રેટ્સની સ્થાપના કરી હતી. આ એક રાજકીય જૂથ હતું જેણે યુવા અને નવા ઉમેદવારોને લાંબા સમયથી સત્તાધારી નેતાઓ સામે કોંગ્રેસ માટે ચૂંટણી લડવામાં મદદ કરી હતી.

જોકે, ચક્રવર્તીએ એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝના પ્રચારનું સફળતાપૂર્વક નેતૃત્વ કરીને પોતાની ઈમેજ ઊભી કરી હતી. તેમણે 2018માં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ન્યૂ યોર્ક બેઠક જીતવામાં તેણીને મદદ કરી હતી. ત્યારબાદ તેમને એલેક્ઝાન્ડ્રિયાના ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ જબરદસ્ત વિજયે ચક્રવર્તીને સ્પોટલાઈટમાં લાવી દીધા હતા. અને ત્યારથી તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નથી.

રૂઢિચુસ્ત ડેમોક્રેટ્સથી વિપરીત ચક્રવર્તી, મામદાનીની જેમ, શ્રીમંતો પર કર વધારવાનું સમર્થન કરે છે. તેઓ 'સંપત્તિ કર' માટે હિમાયત કરે છે, ભલે તેનો અર્થ 'પોતાની જાત પર કર લાદવાનો' હોય. તેમણે ભાર મૂક્યો છે કે તેમનો ધ્યેય 'ડેમોક્રેટિક પાર્ટીની છબીને સંપૂર્ણપણે બદલી નાખવાનો' છે. આ માટે તેમને ઘણીવાર ડેમોક્રેટ્સ તરફથી આકરી ટીકાનો સામનો કરવો પડ્યો છે.

2019માં સૈકત ચક્રવર્તી વિવાદમાં ફસાઈ ગયા હતા જ્યારે તેમણે સ્વતંત્રતા સેનાની સુભાષ ચંદ્ર બોઝની છબી ધરાવતી ટી-શર્ટ પહેરી હતી. જ્યારે સૈકત માટે આ સાંસ્કૃતિક ગૌરવનું પ્રતીક હતું, ત્યારે કેટલાક જમણેરી મીડિયા આઉટલેટ્સે તેમની ટીકા કરી હતી અને તેમના પર 'નાઝી સહાનુભૂતિ ધરાવનાર'ને ટેકો આપવાનો આરોપ લગાવ્યો હતો.

હવે યુએસ કોંગ્રેસના પાંચ ભારતીય-અમેરિકન સભ્યો અને રાજ્ય વિધાનસભાઓમાં લગભગ 40 ભારતીય-અમેરિકન સભ્યો છે, જે કોઈપણ એશિયન-અમેરિકન જૂથમાં સૌથી વધુ છે.

શું ચક્રવર્તી યુએસ કોંગ્રેસમાં છઠ્ઠા ભારતીય-અમેરિકન હશે? જાણવા માટે આવતા વર્ષે જૂન સુધી રાહ જોવી પડશે.



# આપણને આંગળીઓમાં કેમ સૌથી વધુ ઠંડી લાગે છે?

દેશભરમાં ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. આ ઋતુમાં જો ધ્યાન ન આપો તો સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થાય છે. એટલા માટે આ ઋતુમાં સ્વસ્થ રહેવા ઠંડીથી બચવું જરૂરી છે. કેમ કે, ઠંડી હવાની સ્વાસ્થ્ય પર સીધી અસર પડે છે. કડકડતી ઠંડીથી બચવા લોકો ગરમ કપડાં, ખોરાક ને તાપણાનો આશરો લે છે. ને તાપમાન નીચું જાય એટલે ઠંડીની અસર કેટલાક અંગો પર સૌથી પહેલા થાય છે. જ્યારે કેટલા અંગો ખૂબ જ સેન્સિટિવ હોય છે. હવે સવાલ એ છે કે, આખરે શરીરના કયા અંગો પર સૌથી વધુ ઠંડી લાગે છે? તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ શું છે અને તેનાથી કેવી રીતે બચી શકાય? મેડિકલ ન્યૂઝ ટુડેના રિપોર્ટ મુજબ, શરીરમાં હાથ અને પગ ખાસ કરીને આંગળીઓમાં સૌથી વધુ ઠંડી લાગે છે. જોકે, નાક અને કાન પણ તેમાં સામેલ છે. તેનું મુખ્ય કારણ શરીરનું તાપમાન નિયંત્રણ તંત્ર (થર્મોરેગ્યુલેશન સિસ્ટમ) છે, જે જરૂરી આંતરિક અંગોને બચાવવા માટે આ અંગોમાંથી ગરમી ખેંચી લે છે.

શિયાળામાં આપણું શરીર એક પ્રાયમરી સિસ્ટમ હેઠળ કામ કરે છે. તેનું પહેલું કામ શરીરના જરૂરી અંગો જેમ કે મગજ, હૃદય અને અન્ય અંગોને તેમના સામાન્ય તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ પર રાખવું હોય છે, જેથી તે યોગ્ય રીતે કામ કરતા રહે. આ કામ કરવા માટે શરીર રક્ષણ તરીકે વાહિકાસંકુચન કરે છે. તેનો અર્થ એ છે કે તે હાથ અને પગની રક્ત નળીઓને સંકોચી દે છે. આવું થવાથી ગરમ લોહીનો પ્રવાહ હાથ-પગ તરફ ધીમો થઈ જાય છે. લોહીનો પ્રવાહ ધીમો થવાથી હાથ અને પગ પાસે ઓછી ગરમી પહોંચે છે. આથી હાથ અને પગ ઝડપથી ઠંડા થઈ જાય છે. હાથ અને પગ પછી નાક અને કાનમાં સૌથી વધુ ઠંડી લાગે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ અંગો સૌથી વધુ ખુલ્લા રહે છે, જેના કારણે તે બાહ્ય તાપમાનના સંપર્કમાં આવે છે. હેલ્થ એક્સપર્ટના મતે, ઠંડી હવા સૌથી વધુ નાક અને કાનથી શરીરમાં પ્રવેશ કરે છે, જેના કારણે ફેફસા સુધી ઠંડી પહોંચે છે અને માણસને વધુ ઠંડી લાગે છે.ઠંડી શરૂ થતા જ શરીરનું તાપમાન ઝડપથી ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં ઠંડા પાણીની બદલે ગરમ પાણી પીવું ફાયદાકારક રહેશે.

**કેટલા અંગો ખૂબ જ સેન્સિટિવ હોય છે. હવે સવાલ એ છે કે, આખરે શરીરના કયા અંગો પર સૌથી વધુ ઠંડી લાગે છે? તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ શું છે અને તેનાથી કેવી રીતે બચી શકાય?**

સવારે ગરમ પાણી પીવાથી શરીરમાંથી ઝેરી તત્વો પણ બહાર નીકળી જાય છે અને પાચનક્રિયા સુધરે છે. આ ઉપરાંત, ઠંડીથી બચવા માટે તમારા હાથ અને પગમાં મોજા પહેરી રાખો. સવારે અથવા સાંજે ઝડપથી ચાલવાની અથવા યોગ કરવાની આદત પાડો.

# જિંદગીનું રિસ્ટાર્ટ

આંખની અટારી

★ હેમુ ભીખુ

કમ્પ્યુટર અને મોબાઈલના જમાનામાં રિસ્ટાર્ટ શબ્દ બહુ સામાન્ય થઈ ગયો છે. આ ઉપકરણોમાં કોઈ પણ તકલીફ જણાય એટલે તરત જ રિસ્ટાર્ટની ફોર્મ્યુલા અપનાવવામાં આવે. આમ કરવાથી કેટલાક પ્રશ્નોનું નિરાકરણ પણ થતું હોય છે. ઉપકરણમાં જે કોઈ પ્રક્રિયા ચાલુ હોય તેને સમય મળી જાય, કોઈ સોફ્ટવેર કે અપડેટ ઈન્સ્ટોલ કર્યા હોય તો તેની અસર વ્યવસ્થિત થઈ જાય, ઉપકરણની આંતરિક પરિસ્થિતિ નિયમિત થઈ જતી હોવાથી તેની ઝડપ પણ વધી શકે અને આ બધાં સાથે એક રીતે માનસિક ખાતરી પણ મળે. જીવન હોય કે કમ્પ્યુટર કે મોબાઈલ, રિસ્ટાર્ટ કરવાના ચોક્કસ ફાયદા છે. એ સમજવું જરૂરી છે કે ઉપકરણ કે જીવન, રિસ્ટાર્ટ કરતાં પહેલાં જરૂરી માહિતીને સુરક્ષિત કરી લેવી પડે, સાચવી લેવી પડે, જો કોઈ પ્રક્રિયા ચાલુ હોય તો સમગ્રતામાં કોઈ નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું પડે અને સમગ્ર પ્રક્રિયામાં ધીરજની પણ આવશ્યકતા રહે.

રિસ્ટાર્ટ એટલે ફરીથી શરૂઆત કરવી. ઉપકરણમાં તે શક્ય હોઈ શકે, જીવન સંપૂર્ણ રીતે નવેસરથી શરૂ ન કરી શકાય. જીવનમાં રિસ્ટાર્ટ એટલે જેતે બાબત માટે ફરીથી પ્રયત્ન કરવો, વર્તમાનની પ્રક્રિયાને નવાં દ્રષ્ટિકોણ સાથે નવેસરથી શરૂ કરવી, નવી સમજ તથા નવા નિર્ણયોને આધારે ફરીથી પ્રયત્ન કરવો, જ્યાં અટકી ગયા હોઈએ ત્યાંથી નવી જ આશા અને ઉત્સાહ સાથે આગળ વધવું. જીવનમાં રિસ્ટાર્ટ એટલે જૂની નકારાત્મક બાબતો, ભૂલો, નિષ્ફળતા, ભાવનાત્મક હાનિ, અપમાન વગેરે ભૂલીને વિશ્વાસ સાથે ફરી એક વાર પુરુષાર્થ આદરવો અને અસ્તવ્યસ્ત થઈ ગયેલું જીવન ફરીથી પાટે ચઢાવવા અસ્તિત્વમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, સામાજિક, આધ્યાત્મિક કે નૈતિક ઊર્જા ભરવી.




દરેકના જીવનમાં એવો પડાવ આવે કે જ્યારે જીવનને રિસ્ટાર્ટ કરવાની આવશ્યકતા રહે. જ્યારે બધું અટકી ગયેલું જણાય, સ્પષ્ટ દેખાતો માર્ગ ધૂંધળો બની જાય, માનસિક કે શારીરિક થાકને કારણે અશક્તિ આવી જાય, સંતોષ અને શાંતિ ખોવાતી જાય, સફળતાની સંભાવના ઘણી ઓછી પ્રતીત થાય, પરિસ્થિતિ નાટકીય રીતે બદલાઈ જાય, જેતે કારણસર લક્ષ્ય અને દિશામાં પણ બદલાવની આવશ્યકતા જણાય, આકસ્મિક માંદગી આવી જાય, ભાવનાત્મક ઈજા પહોંચે કે ચારે તરફ નિરાશા વ્યાપી જાય ત્યારે જિંદગીને રિસ્ટાર્ટ કરવી ઈચ્છનીય રહે.

જ્યારે જિંદગી રિસ્ટાર્ટ થાય ત્યારે એક પ્રકારની હળવાશ અનુભવાય, નવો જ વિશ્વાસ સ્થાપિત થાય, બિનજરૂરી ભારની બાદબાકી થઈ હોય તેમ જણાય, નવેસરથી ચિંતનની શક્યતા ઊભી થતાં શું મહત્ત્વનું છે અને તેનું કેટલું મહત્ત્વ છે તે વિશે ફરીથી મૂલ્યાંકન કરી શકાય, નવી તક તથા નવાં લક્ષ્ય તરફ ધ્યાન જાય, જૂની ગ્રંથિઓ છૂટતી જાય, ક્યાંક પડકાર ઝીલવાની હિંમત પણ મળે, એક પ્રકારની માનસિક સફાઈ થઈ જાય અને અત્યાર સુધી અસ્વીકૃત લાગતી બાબતો સ્વીકારી લઈ આગળનો પ્રવાસ વધારવાની ઈચ્છા થાય. આ બધાં માટેની હિંમત અંદરથી આવે. શક્ય છે કે રિસ્ટાર્ટ પછી પણ તેવું જ પરિણામ રહે અથવા પરિણામ બગડી પણ શકે, તેથી રિસ્ટાર્ટ કરવા માટે આંતરિક શક્તિની આવશ્યકતા રહે. જીવનને રિસ્ટાર્ટ કરવા માટે વિચારશીલતા, ધીરજ, વિશ્વાસ, સાહસ, ઈચ્છાશક્તિ તેમજ શિસ્તની આવશ્યકતા પણ હોય. જીવનને રિસ્ટાર્ટ કરવાનો નિર્ણય પૂરેપૂરી ગંભીરતાથી લેવાવો જોઈએ કારણ કે જે પ્રક્રિયા ચાલુ છે તેને ચાલુ પણ રાખી શકાય. આ માટે કદાચ વધારે પ્રયત્નોની આવશ્યકતા રહે, આંતરિક બદલાવ માટે તૈયારી હોવી જોઈએ, સ્થાપિત વિચારધારા માટે વિશ્વાસ હોવો જોઈએ, અંતિમ પરિણામ માટે ખાતરી હોવી જોઈએ,

વારંવાર રિસ્ટાર્ટ કરવાની ટેવ ન પડી જવી જોઈએ. જીવનમાં જે કોઈ પરિસ્થિતિ સ્થાપિત થતી હોય તેનો સતત અસ્વીકાર યોગ્ય નથી. સૌ પ્રથમ જે કંઈ પરિસ્થિતિ છે તેને સમજીને ધીરજપૂર્વક પ્રશ્નોના નિરાકરણનો પ્રયત્ન કરવો પડે. અહીં અન્યના માર્ગદર્શનની આવશ્યકતા પણ હોય, વિચારશીલતાનું મહત્ત્વ હોય, વ્યક્તિગત અનુભવ તેમ જ ક્ષમતા પર વિશ્વાસ રાખવો પડે અને માનસિક સ્થિરતા પણ જરૂરી ગણાય. બધું જ નવેસરથી શરૂ કરવાને બદલે ભૂલો સુધારીને મુશ્કેલીઓનું નિવારણ કરતાં કરતાં પણ સફળતા પ્રાપ્ત થઈ શકે. કદાચ આ પ્રકારના અભિગમમાં ઓછો સમય જોઈએ, જે સ્થાપિત થઈ ચૂક્યું છે તે મદદરૂપ થઈ શકે, સંસાધનોનો વ્યય થતો અટકે, સહયોગ અને સહકાર તે જ પ્રમાણે ચાલુ રહી શકે અને આત્મવિશ્વાસ ડગી જવાની સંભાવના ઓછી થાય. રિસ્ટાર્ટની આવશ્યકતા હોય તો રિસ્ટાર્ટ કરવું જ જોઈએ પરંતુ તે પહેલાં અન્ય વિકલ્પોની ચકાસણી પણ જરૂરી કહેવાય. રિસ્ટાર્ટ સફળતા માટેના 'શોર્ટકટ'તરીકે ન લેવાય તે ઈચ્છનીય છે. રિસ્ટાર્ટ ત્યારે જ યોગ્ય ગણાય જ્યારે અન્ય કોઈ વિકલ્પ બાકી ન હોય.

**જરૂરી નથી કે રિસ્ટાર્ટથી બધા જ પ્રશ્નોનું નિરાકરણ આવી જ જાય. કમ્પ્યુટર કે જીવન, રિસ્ટાર્ટ એ એવી વ્યવસ્થા છે જેનાથી અમુક પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ થાય, બધા જ પ્રશ્નોનું નહીં**

ઘણી વાર એમ થતું હોય છે કે વાસ્તવિક પ્રશ્ન સમજમાં ન આવવાથી રિસ્ટાર્ટ માટેનો આગ્રહ વધી જાય. જીવનમાં દરેક પ્રશ્ન યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ન પણ સમજાય. ઘણી બાબતો 'પહોંચ'ની બહાર હોય. તેવા સંજોગોમાં યાંત્રિક વ્યવસ્થા પર નિર્ભર રહેવું પડે. જ્યારે માનવી ઉકેલ લાવવા અસમર્થ રહે ત્યારે અન્ય સ્તરની અને અન્ય પ્રકારની બૌદ્ધિકતા અને પુરુષાર્થની આવશ્યકતા રહે. રિસ્ટાર્ટ એ આ પ્રકારની સંભાવના છે.

જરૂરી નથી કે રિસ્ટાર્ટથી બધા જ પ્રશ્નોનું નિરાકરણ આવી જ જાય. કમ્પ્યુટર કે જીવન, રિસ્ટાર્ટ એ એવી વ્યવસ્થા છે જેનાથી અમુક પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ થાય, બધા જ પ્રશ્નોનું નહીં. રિસ્ટાર્ટ કરતા પહેલાં એ પણ સમજવું પડે કે પ્રશ્નો કેવા પ્રકારનાં છે અને રિસ્ટાર્ટથી તેનો ઉકેલ સંભવ છે કે નહીં, નહિતર તો જીવનમાં રિસ્ટાર્ટથી જૂના પ્રશ્નો તો ન ઉકેલાય અને નવા ઊભા થઈ જાય.